તમારું રોકાણ

તમે વૉર્ડમાં છો:

શ્રેષ્ઠ કક્ષાની સંભાળ

NHS
University Hospitals of Leicester
NHS Trust

લેસ્ટર હૉસ્પિટલ્સમાં સ્વાગત છે

ગોપનીયતા અને ગૌરવ

અમે હંમેશાં પુરુષ અથવા તો સ્ત્રીને સૂવા માટેની જગ્યા, વૉશિંગ અને ટૉઇલેટની સુવિધાઓ પૂરી પાડવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ.

વૉર્ડ્સમાં, જ્યાં પુરુષ અને સ્ત્રી બંને પ્રકારનાં દર્દીઓ હોય ત્યાં સૂવા, ધોવા અને ટૉઇલેટ માટેની અલગ સુવિધાઓ માટે સ્પષ્ટપણે નિશાનીઓ કરેલી હશે.

વૉર્ડની દિનચર્યા

દરેક વૉર્ડ પોતાની દિનચર્યા ધરાવે છે:

વૉર્ડમાં રાઉન્ડ

તમારા ડૉક્ટર રોજ મુલાકાત લેશે. જો તમે અન્ય કોઈ સમયે અપોઇન્ટમેન્ટ ઇચ્છતા હો, ખાસ કરીને તમારાં કુટુંબીજનોને હાજર રાખવા માગતા હો તો કૃપા કરીને ડૉક્ટર અથવા નર્સને વિનંતી કરો.

નર્સની શિફ્ટ્સ

તમારી નર્સો કાર્યસૂચિમાં લખેલી શિફ્ટ્સ પ્રમાણે કામ કરશે અને જ્યારે તેઓ આવે ત્યારે પોતાનો પરિચય આપશે.

તમે નર્સિંગ સ્ટાફને મોબાઇલ ફોન અને આઇપેડ્ઝનો ઉપયોગ કરતા જોશો, કારણકે તેઓ તેમાં નર્સિંગ કેઅરનો રેકોર્ડ્ઝ દાખલ કરે છે જેમ કે બ્લડ પ્રેશર અને નાડી ધબકારાં.

મુલાકાતીઓ અને સંભાળકર્તાઓ

સ્ટાફ તમારા વૉર્ડ પર મુલાકાતના સમયની વિગતો આપશે. તમે પણ વિઝિટિંગ કાર્ડ માંગી શકો છો.

તમે એક સમયે બે મુલાકાતીઓને બોલાવી શકશો. અમારી વિનંતી છે કે મુલાકાતીઓ શક્ય તેટલી શાંતિ જાળવે. કૃપા કરીને મોબાઇલ ફોનનો ઉપયોગ કરતી વખતે અન્ય દર્દીઓનો વિચાર કરશો અને જ્યાં શક્ય હોય ત્યાં વૉર્ડની બહારના વિસ્તારમાં કૉલ કરવો . મુલાકાતીઓને ખાંસી ખાતાં, છીંક ખાતાં અથવા ડાયેરિયાથી પીડિત હોવાની કે બીમાર હોવાની સ્થિતિમાં હૉસ્પિટલમાં ન આવવાની વિનંતી કરવામાં આવે છે.

જો કોઈ ફૅમિલિ ડૉક્ટર કે મિત્ર તમને સહાયતા કરતા હોય, તમને ઘરે રહેવાની અનુમતિ આપતા હોય તો તમારી ઇચ્છા હોય તો આ વ્યક્તિ મુલાકાતના સામાન્ય કલાકો સિવાયના સમયમાં તમારી સાથે રહી શકે છે. તેઓ તમારી સંભાળમાં વધુ સહભાગી થઈ શકે છે અને તમારી સંભાળને લગતા નિર્ણયોમાં તમને મદદ કરી શકે છે.

સ્ટે વિથ મી! (મારી સાથે રહો!) એ એવાં કુટુંબીજનો અને મિત્રો માટે છે, જેઓ મુલાકાતના સમય બાદ પણ ડિમેન્શિયાનું નિદાન થયેલા દર્દીઓને સહાયતા કરવા માટે તેમની સાથે રહેવા માંગતાં હોય - જો તમને લાગે કે નર્સ સાથે વાત કરવાથી સહાયતા મળશે તો તેમ કરો.

અમે એવી વિનંતી પણ કરીએ છીએ કે મુલાકાતીઓ પથારી પર ન બેસે, પરંતુ પૂરી પાડવામાં આવેલી મુલાકાતીઓની ખુરશીઓનો ઉપયોગ કરે.

જો તમે હૅન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરવા ઇચ્છતા હો તો તે બધા મુલાકાતીઓ માટે બધા વૉર્ડનાં પ્રવેશદ્વારો પર ઉપલબ્ધ હોય છે, પરંતુ વિશેષ અગત્યની બાબત એ છે કે તમે જે વ્યક્તિની મુલાકાત લઈ રહ્યા હો તેને અડતાં પહેલાં કે તેમને સંભાળ પૂરી પાડતાં પહેલાં તમે પોતાના હાથને સૅનિટાઇઝર વડે સ્વચ્છ કરો એવી અમારી વિનંતી છે.

ભોજન અને ભોજનનો સમય

તમને પોતાના ભોજનની પસંદગીમાં મદદ કરવા માટે હૉસ્ટેસ આખા દિવસ દરમિયાન મુલાકાત લેતી રહેતી હોય છે. તમારે કાગળના પાત્રમાં ભોજન લેવું જોઈએ અને ઉપલબ્ધ એવી વિવિધ વાનગીઓ સાથેનું સાંજના ભોજનનું મેનુ ઉપલબ્ધ છે. જો તમારી આહાર સંબંધિત કોઈ ખાસ જરૂરિયાત હોય તો કૃપા કરીને હૉસ્ટેસ અને વૉર્ડ સ્ટાફને કહો, કારણ કે વધારાનાં મેનુ ઉપલબ્ધછે. જો તમને ઓછી ભૂખ લાગી હોય તો મેનુમાં ઓછી ઊર્જાવાળો પોષક ખોરાકનો વિભાગ છે. તમને તબીબી કારણોથી ચોક્કસ પ્રકારનો આહાર લેવાની સલાહ પણ આપવામાં આવી શકે છે.

જો તમને ઑર્ડર આપવાની વ્યવસ્થા મુશ્કેલ લાગે તો એક રોજિંદું મીલ પ્લાનર તમને કે તમારા સંભાળકર્તા/ સંબંધીને આપવામાં આવશે, જે ભરીને હૉસ્ટેસને આપવાનું રહેશે. જો તમને ભોજનના સમયે સહાયતાની જરૂર પડે તો આ બાબત દર્શાવવા માટે તમને એક લાલ ટ્રેમાં તમારાં ભોજન આપવામાં આવશે. હૉસ્પિટલની બહારથી ખાવાનું લાવી શકાશે, પરંતુ કૃપા કરીને ખાતરી કરો કે તેનો બરાબર સંગ્રહ કરવામાં આવે અને તમારી પથારીની પાસે તે બરાબર ઢાંકીને રાખવામાં આવે. તમને સવારના નાસ્તા, બપોરના ભોજન અને સાંજના ભોજન વખતે ખાવાનું આપવામાં આવશે. આખા દિવસ દરમિયાન નાસ્તા-પાણી પણ ઉપલબ્ધ હોય છે, તેથી કૃપા કરીને ઉપલબ્ધ વિકલ્પો માટે નાસ્તાનું મેનુ જુઓ.

તમારી રિકવરીમાં મદદ માટે સારું પોષણ મળે તે જરૂરી છે, તેથી જો તમને કોઈ સમસ્યાઓ થાય તો કૃપા કરીને સ્ટાફને જાણ કરો; તમે લીધેલું પ્રમાણ ફૂડ રેકૉર્ડ ચાર્ટ પર રેકૉર્ડ કરવામાં આવી શકે છે. આ કામમાં કેવી રીતે મદદ કરવી તે તમને /સંભાળકર્તાઓને અને સંબંધીને બતાવવામાં આવી શકે છે.

તમારે સાથે રાખવી જરૂરી હોય એવી વસ્તુઓ:

- દિવસનાં કપડાં
- પાયજામો અથવા રાતનાં કપડાં
- ચશ્માં
- દાંતનાં ચોકઠાં
- પ્રસાધનનો સામાન
- રેઝર
- બ્રશ અથવા કાંસકો
- ટૂથબ્રશ અને ટૂથપેસ્ટ
- મોબાઇલ ફોન
- ઘડિયાળ
- ઘરની ચાવીઓ
- થોડાં છૂટાં નાણાં
- મોજાં
- સ્લિપર્સ

અગત્યનું

તમે લઈ રહ્યા હો એવી કોઈપણ ટૅબ્લેટ્સ/ દવાઓ અથવા તમે જેનો ઉપયોગ કરી રહ્યા હો એવાં સહાયક સાધનો લેતા આવો અને નજીકના સંબંધીઓના સંપર્ક નંબરો રાખો.

કૃપા કરીને હૉસ્પિટલમાં તમારી સાથે કોઈ કિંમતીચીજો લાવશો નહિ.

સ્ટાફ

ગણવેશધારી નોંધપાત્ર કર્મચારીઓ

સ્ટાફ હંમેશાં પોતાનો પરિચય આપશે આ પ્રકારે આપશે

નમસ્તે, મારું નામ છે...

વિવિધ સ્તરોના ડૉક્ટરો



દર્દીને સંભાળ પૂરી પાડતા વિવિધ સ્તરોના ડૉક્ટરોને ઓળખવામાં દર્દીઓને અને સાથીઓને સરળતા રહે તે માટે અમારા ડૉક્ટરો કલર કોડ સાથેના આઇડી બૅજ અને પટ્ટાઓ પોતાના ગળામાં પહેરે છે:

સુવિધાઓ

દર્દી માટે સેવાઓ

- રેસ્ટોરાં/કૉફી શૉપ્સ
- દુભાષિયાઓ
- દુકાનો/ન્યૂઝએજંટો
- દર્દી સલાહ અને સંપર્ક સેવાઓ (PILS)
- સ્વયંસેવકો
- દર્દીઓ અને સંબંધીઓ માટે બગી સેવા

દર્દીઓ માટે મફત વાઇ-ફાઇ સુવિધા

અમે હવે વાઇ ફાઇ સ્પાર્ક દ્વારા અમારા દર્દીઓને વાઇ-ફાઇ સુવિધા પૂરી પાડીએ છીએ.

આ સેવાનો લાભ લેવા માટે 'NHS WiFi' સાથે કનેક્ટ થાઓ. દર્દીઓએ દર 24 કલાકે રજિસ્ટર થવાનું રહેશે. વધુ માહિતી UHLની વેબસાઇટ પર ઉપલબ્ધ છે: https://www.leicestershospitals.nhs.uk/patients/free-wi-fi-access-for-patients/

અથવા 0344 848 9555 પર કૉલ કરો

કેમેરા અને મોબાઇલ ફોન

પહેલેથી મંજૂરી લીધા વિના તમે સ્ટાફ, અન્ય દર્દીઓ અને તેમના મુલાકાતીઓની તસવીરો લઈ શકશો નહિ.

માહિતીનું અનુસંધાન પાછળના પાને છે...

તમારું રોકાણ

સ્વ-સંભાળ

ચેપનો અટકાવ

કૃપા કરીને તમારા હાથ સ્વચ્છ કરો

તમને ચેપ લાગવાનું જોખમ ઓછું કરવા માટે તમને સ્ટેલિસેપ્ટ નામનો એક બેક્ટેરિયારોધક સાબુ આપવામાં આવ્યો છે, જેનો રોજ ઉપયોગ કરવાનો છે.

તમને બેક્ટ્રોબેન નામનું બેક્ટેરિયારોધક ક્રીમ પણ આપવામાં આવ્યું છે. કૃપા કરીને દિવસમાં ત્રણ વખત તેનો ઉપયોગ કરો.

પોતાનું રક્ષણ કરવા માટે કૃપા કરીને ખોરાક લેતાં પહેલાં અને ટૉઇલેટનો ઉપયોગ કર્યા બાદ તમારા હાથ ધુઓ.

પ્રેશર અલ્સર્સ (પથારીવશ હોવાને કારણે થતાં ચાંદાં)

જો વ્યક્તિ બહુ બીમાર પડે અને યોગ્ય હલનચલન ન કરી શકે તો કોઈપણ વ્યક્તિને કોઈપણ ઉંમરે પ્રેશર અલ્સર થઈ શકે છે. તમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવે ત્યારે નર્સ તમારા શરીર પર દબાણ આવતું હોય એવી જગ્યાઓ પર ખાસ ધ્યાન આપવાનું તમને કહેશે. કોઈપણ વિશિષ્ટ ઉપકરણ અંગે અથવા તમારા માટે જરૂરી હોઈ શકે એવી નર્સિંગની વધુ સંભાળ અંગે સ્ટાફને સાવધ કરવા માટે જોખમનું મૂલ્યાંકન પૂરું કરવામાં આવે છે. દર બે એક કલાકે થોડું હલનચલન કરતાં રહો અને પોતાનું સ્થાન બદલવાની કોશિશ કરતાં રહો.

તમને જલદી રિકવરી મળે તે માટે તમે પથારીમાંથી ઊભા થઈને શક્ય તેટલી ઝડપથી હલનચલન કરતાં રહો તે જરૂરી છે. હૉસ્પિટલમાં હોવા દરમિયાન કૃપા કરીને કુટુંબીજનો અને મિત્રોને તમારાં પોતાનાં દિવસનાં પહેરવાનાં કપડાં લાવવાનું કહો, કારણ કે તેનાથી તમને વધુ સકારાત્મક અનુભૂતિ થઈ શકે છે અને તમારી સુખાકારી પર લાભદાયી અસર થઈ શકે છે.

લોહીના ગઠ્ઠાઓ

કોઈપણ કારણસર હૉસ્પિટલમાં રહેવાથી તમને તમારા પગ કે ફેફસાંમાં લોહીનો ગઠ્ઠો થવાની સંભાવના વધી જાય છે. લોહીના ગઠ્ઠા સાધારણ રીતે થતા નથી, પરંતુ તે ગંભીર હોઈ શકે છે. આ અંગે સહાયતા માટે વૉર્ડની ફરતે ચાલતાં રહો અથવા જો તમને પથારીમાંથી ઊભા થવામાં તકલીફ પડતી હોય તો હળવેથી તમારી ઘૂંટીઓની કસરત કરો અને તમારા પગનું હલનચલન કરતા રહો. વધુમાં, જો તમારા પર પ્રવાહી લેવાનું નિયંત્રણ ન હોય તો કૃપા કરીને પુષ્કળ પાણી પીતાં રહો. વધુ માહિતી માટે, કૃપા કરીને 'હૉસ્પિટલમાં હોવા દરમિયાન લોહીના ગઠ્ઠાઓ થવાનું જોખમ ઓછું કરવું' એ પત્રિકા વાંચો. કેટલાક દર્દીઓને ઘરે ગયા બાદ પણ વધારે જોખમ રહેતું હોય છે, તેથી હૉસ્પિટલ છોડતા પહેલાં કૃપા કરીને 'જ્યારે તમે ઘરે જાઓ ત્યારે લોહીના ગઠ્ઠાઓ થવાનું જોખમ ઓછું કરવું' એ પત્રિકા મેળવી લેશો.

પ્રવાસની માહિતી

કાર પાર્કિંગ અને પ્રવાસ

કાર પાર્કિંગ જગ્યાની ખરેખર જેમને જરૂર હોય તેઓ તેનો ઉપયોગ કરે તેની ખાતરી કરવાનો અમારો હેતુ છે. શક્ય હોય ત્યાં અન્ય વિકલ્પોનો ઉપયોગ કરવાનો અમે આગ્રહ કરીએ છીએ.

દર્દીઓ અને મુલાકાતીઓ માટે અમારી દરેક હૉસ્પિટલ ખાતે ઑન સાઇટ કાર પાર્ક્સ છે, જે માટે ફી નક્કી કરેલી છે.

ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ સિક્યોરીટી દ્વારા જણાવવામાં આવેલા ચોક્કસ લાયકાત સંબંધિત લાભોને કારણે કેટલાક દર્દીઓને વિના મૂલ્યે અથવા ઘટાડેલ દરે પાર્કિંગની સુવિધા મળે છે (વધુ માહિતી માટે કેશિયર ઑફિસનો સંપર્ક કરો). રૉયલ ઇન્ફર્મરી ખાતે જાહેર કાર પાર્કની બહાર વિકલાંગ વ્યક્તિઓ માટે મફત અંકિત કરેલ બેઝ ઉપલબ્ધ છે.

ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ અને જનરલ હૉસ્પિટલ ખાતે જો વિકલાંગો માટે મફત કાર પાર્ક ભરાયેલો હોય તો ભૂરા બૅજધારકો વિના મૂલ્યે કોઈપણ જાહેર કાર પાર્કમાં પાર્કિંગ કરી શકે છે (તેમણે પોતાનો ભૂરો બૅજ બતાવવાનો રહેશે).

ડ્રૉપ-ઑફ પૉઇન્ટ્સ મુખ્ય પ્રવેશદ્વારોની પાસે છે. દર્દીઓ અને મુખ્ય સંભાળકર્તાઓ માટે વિવિધ સીઝન ટિકિટો ઉપલબ્ધ છે.

હૉસ્પિટલ હૉપર

અમારી હૉસ્પિટલ શટલ બસ (હૉપર) દર 30 મિનિટે દોડે છે અને તે ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ, જનરલ હૉસ્પિટલ અને રૉયલ ઇન્ફર્મરીને બ્યુમૉન્ટ લેઝ સેન્ટર, હૅમિલ્ટન સેન્ટર અને રેલ્વેસ્ટેશન સાથે જોડે છે (માર્ગમાં મર્યાદિત સ્ટૉપ સાથે). બસ પર તમામ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કન્સેશન માન્ય છે.

વધુ માહિતી માટે:

કાર પાર્ક અંગે માહિતીપત્રિકા માટે કૃપા કરીને વૉર્ડના સ્ટાફને પૂછો અથવા આ વેબસાઇટ પર જાઓ: www.leicestershospitals.nhs.uk/patients/getting-to-hospital/

બસના માર્ગો અને સમય અંગે વધુ માહિતી માટે 0871 200 2233 પર ટ્રાવેલાઇનનો સંપર્ક કરો

ધુમાડાથી મુક્ત હૉસ્પિટલ

અમે ધુમાડાથી મુક્ત હૉસ્પિટલ છીએ અને ઈમારત, પ્રવેશદ્વાર તથા બગીચાઓમાં ધૂમ્રપાનની સખ્ત મનાઈ છે. તેમાં ઇ-સિગારેટ્સના ઉપયોગનો પણ સમાવેશ થાય છે.

હૉસ્પિટલમાં તમારા રોકાણ દરમિયાન તમને પૂછવામાં આવે છે કે તમે ધૂમ્રપાન કરો છો કે કેમ. જો તમે ધૂમ્રપાન કરતા હો તો તમારી સારવાર દરમિયાન તમને ઘણા ઉપદ્રવો થવાની સંભાવના વધે છે.

વધુ વિગતો માટે કૃપા કરીને 0116 454 4000 પર લિવ વેલ સર્વિસનો સંપર્ક કરો.

ધર્મગુરુ સંબંધિત સેવા

તમને અને તમારા સગાંને સહાયતા કરવા માટે અમારા ધર્મગુરુઓ ઉપલબ્ધ રહે છે. અમારી ટીમમાં ખ્રિસ્તી, હિન્દુ, મુસ્લિમ શીખ અને બિન-ધાર્મિક ધર્મગુરુઓનો સમાવેશ થાય છે. વિવિધ ધર્મો અને સંપ્રદાયો સાથે જોડાયેલા સ્વયંસેવકો પણ હોય છે.કોઈપણ પ્રકારની તપાસ અથવા સારવાર માટે હૉસ્પિટલમાં આવવાથી ઘણા પ્રશ્નો, ચિંતાઓ અને ડર પેદા થઇ શકે છે. ઉપચારની પ્રક્રિયાનો અગત્યનો ભાગ ગણાતી આંતરિક શાંતિની અનુભૂતિ કરવામાં તમને મદદ કરવા માટે અમારા ધર્મગુરુઓ હાજર છે.

પૂજાનાં સ્થળો અને પ્રાર્થના ખંડો

પ્રાર્થના કરવા માટે અથવા શાંતિથી ધ્યાન કરવા માટે ત્રણેય હૉસ્પિટલો ખાતે પૂજાનાં સ્થળો અને પ્રાર્થનાખંડો છે. પ્રાર્થનાઓ અને સેવાઓ માટેનાં સ્થાનો અને સમય હૉસ્પિટલોમાં દર્શાવવામાં આવ્યાં છે. તમે કોઈ પ્રાર્થના સેવામાં હાજરી આપવા માગતા હો તો કૃપા કરીને નર્સિંગ સ્ટાફને જાણ કરો.

મુલાકાતની વિનંતી કરવી

ધર્મગુરુઓની ટીમ નિયમિત પણે વિવિધ વૉર્ડ્સની મુલાકાત લે છે. નર્સિંગ સ્ટાફ પણ કોઈ ધર્મગુરુને મુલાકાત માટેની વિનંતી મોકલી આપશે. તાકીદના ન હોય એવા સંદેશાઓ પણ ધર્મગુરુ સંબંધિત આન્સર ફોન પર છોડી શકાય છે:

ગ્લેનફિલ્ડ હૉસ્પિટલ
(0116) 258 3413

જનરલ હૉસ્પિટલ:
(0116) 258 4243

રૉયલ ઇન્ફર્મરી:
(0116) 258 5487

તમે અમને ઇમેલ પણ કરી શકો છો:
chaplaincy@uhl-tr.nhs.uk

તમે ઇચ્છતા હો તો તમારા પોતાના ધાર્મિક અથવા સાંપ્રદાયિક સમુદાય તરફથી તમારી મુલાકાત લેવાની વિનંતી પણ ટીમ તમને કરી શકે છે.

ઘરે જવું

આગોતરી તૈયારી

- તમારી વાહનવ્યવસ્થા ગોઠવો અને ખાતરી કરો કે તમારા પાસે ઘરની ચાવીઓ હોય
- રજા માટે તમારી પાસે યોગ્ય કપડાં હોય તેની ખાતરી કરો
- તમે પરત ફરો ત્યારે કોઈ વ્યક્તિ ઘરે હોય એવી વિનંતી કરો

તમને રજા આપવાના દિવસે

- તમે ઘરે જઈ શકો છો એવું તમને કહેવામાં આવ્યા બાદ મુક્તિ વ્યવસ્થા કરવામાં થોડા કલાકો લાગી શકે છે.
- ખાતરી કરો કે તમારી પાસે પોતાની દવાઓ હોય અને તે કેવી રીતે લેવાની છે તેની તમને ખબર હોય
- તમારા માટે જરૂરી કોઈપણ પ્રમાણપત્રો મેળવો
- તમને ફૉલોઅપ અપોઇન્ટમેન્ટ, વધુ પરીક્ષણો અથવા GP ની અપોઇન્ટમેન્ટની તમને જરૂર છે કે નહિ તે તપાસો
- જો અમે તમારી કિંમતી ચીજોનો સંગ્રહ કર્યો હોય તો તે પાછી મેળવી લો
- ઘરે પાછા જવા માટે ટ્રાન્સપોર્ટની રાહ જોવા માટે તમને ડિસ્ચાર્જ લાઉન્જમાં જવાનું કહેવામાં આવી શકે છે.

અમને કહો કે તમે શું વિચારો છો

અમને અમારી સેવાઓ અને સંભાળમાં સુધારો કરવામાં મદદ કરવા માટે તમે 'દર્દી અનુભવ પ્રતિભાવ પત્રક અથવા મેટ્રન માટે સંદેશ' કાર્ડ પૂરું કરી શકો છો અથવા વેબસાઇટ પર જવા માટે QR કોડ સ્કૅન કરી શકો છો.



તમારી કોઈ ટિપ્પણીઓ કે ચિંતાઓ હોય તો કૃપા કરીને ઇન ચાર્જ નર્સ સાથે વાત કરો અથવા તમે સેવાની બહારની વ્યક્તિ સાથે વાત કરવા માગતા હો અથવા તમને એવી કોઈ ચિંતાઓ હોય જેનું નિરાકરણ થયું ન હોય તો તમે અમારી

દર્દી માહિતી અને સંપર્ક સેવાનો સંપર્ક કરી શકો છો

PILS ફ્રી ફોન: 08081 788 337
ઇમેલ: pils@uhl-tr.nhs.uk
વેબસાઇટ www.leicestershospitals.nhs.uk/PILS

(Leatham/Gardner)71912512SJ